જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૬	૦	૧૨૬	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૬૩૪૩	૧૭૬	૭૬૫૧૯	૭૭૪૫૧	૧૭૯	૭૭૬૩૦
કુલ		૯૨૯૪૦	૧૭૬	૯૩૧૧૬	૧૦૧૯૭૮	૧૭૯	૧૦૨૧૫૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૨	૫,૯૪,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬૩	૯,૬૩,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ખુનનો અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરી આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી નારોલ પોલીસ

નારોલ પોલીસ પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૨૦૦૨૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ ક્લમ ૧૩૫(૧′ મુજબના ગુનાના કામે કોઇ અજાણ્યા ઇસમે નારોલ અસલાલી હાઇવે સનરાઇઝ હોટલની પાછળ ઉમંગ ફ્લેટની સામે આવેલ ખુલ્લી અવાવરૂ જગ્યામાં આવેલ ખંડેર ઓરડીમાં મરણજનાર રાજકુમાર મેવાલાલ યાદવ નાઓ સાથે પૈસાની લેવડદેવડ બાબતે ઝઘડો તકરાર કરી માથાના ભાગે, મોઢાના ભાગે કપાળના ભાગે કોઇ બોથડ પદાર્થ વડે તા. ૦૨/૦૧/૨૦૨૨ ના રાત્રીના કલાક ૨૦/૦૦ થી ૨૧/૩૦ દરમ્યાન કોઇપણ સમયે જીવલેણ ઇજાઓ કરી મૃત્યુ નીપજાવેલ હોય અને પ્રથમથી જ સદરી મરણજનારની ઇજાઓ શંકાસ્પદ જણાતી હોય અને સદરી ઇજાપામનાર સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન તા.૦૩/૦૧/૨૦૨૨ ના બપોર કલાક ૧૫/૩૦ વાગે મરણ ગયેલ હોય જે આરોપીને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી ગૌતમ પરમાર સાહેબ, સેકટર-૨ અમદાવાદ શહેર તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી એ.એમ.મુનિયા સાહેબ, ઝોન-૬ અમદાવાદ શહેર તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ સાહેબ “કે” ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના અને જરૂરી માર્ગદર્શન હેઠળ સઘન તપાસ પોલીસ ઇન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ તથા સ્ટાફના માણસો મારફ્તે ખાનગીરાહે તપાસ કરી કરવતા સદરી આરોપી શશીકાંત ઉર્ફે સતીષ સ/ઓ જયંતીભાઇ રાઠોડ ઉ.વ.૩૪ રહે, જી/૨ ઉમંગ ફલેટ સનરાઇઝ હોટલની પાછળ નારોલ અસલાલી હાઇવે નારોલ અમદાવાદને ગણતરીના કલાકોમાં શોધી કાઢી ઉપરોકત ગુનો ડીટેક્ટ કરેલ છે. આરોપીનો કોરોના રીપોર્ટ કરાવવાનો બાકી હોય જે કોરોના રીપોર્ટ નેગેટીવ આવેથી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોય જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સારી અને પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીનું નામ સરનામુ

શશીકાંત ઉર્ફે સતીષ સ/ઓ જયંતીભાઇ રાઠોડ ઉ.વ.૩૪ રહે, જી/૨ ઉમંગ ફલેટ સનરાઇઝ હોટલની પાછળ નારોલ અસલાલી હાઇવે નારોલ અમદાવાદ

આરોપીનો ગુનાહિત ઇતિહાસ

ઇસનપુર પો.સ્ટે.પાર્ટે.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૨૦૧૩૭૯/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૨૪,૩૨૩,૨૯૪ (ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો અગાઉ દાખલ થયેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

શ્રી એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ, વુ.મ.સ.ઇ. દર્પિતા પ્રિયકાંત બ.નં.૧૩૬૫૬, અ.હે.કો. હસમુખભાઇ ભાનુભાઇ બ.નં. ૪૧૬૦, અ.પો.કો. મહેશભાઇ બાબુલાલ બ.નં.૧૩૦૬૪, વુ.પો.કો. માયાબહેન ભગવાનદાસ બ.નં. ૪૬૦૮.



પાસા અટકાયતની વિગત

ખોખરા પોલીસ સ્ટેશન

મિલ્કત સબંધી ગુનાઓ આચરનાર આરોપીને પાસા હેઠળ ધકેલતી ખોખરા પોલીસ

મે. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે, મિલ્કત સબંધી ગુનાઓ સબબ પકડાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા જેવા અસરકારક અટકાયતી પગલા લેવા, જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે.એસ.ચૌધરી નાઓએ શરીર સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી તબરેજહુસેન જાકીરહુસેન જાતે-શેખ ઉ.વ.૨૪ રહે.મ.નં.૯૬, મોચીઔડની ગલી નં.૩, જમાલપુર દરવાજા પાસે, જમાલપુર, અમદાવાદ શહેર નાઓના વિરૂધ્ધ જરૂરી પુરાવાઓ એકત્રીત કરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓને પાઠવતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાસ શહેર નાઓએ આરોપી વિરૂધ્ધમાં અનુક્રમે પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૧૫/૨૨ તા.૦૩/૦૧/૨૦૨૨ થી પાસા અટકાયતનો હુકમ કરતા ખોખરા પોલીસ સ્ટેશનના સર્વે.સ્કોડ લોકરક્ષક જયદીપસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૧૬૦૮ નાઓએ ખાનગી બાતમીદારો મારફતે હકિકત મેળવી આરોપીને પકડી લાવતા પાસા અટકાયતના હુકમ આધારે તા.૦૩/૦૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાલારા-ભુજ જેલ ખાતે કેદ રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર કર્મચારીઓ:-

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે.એસ.ચૌધરી
(૨) પો.સબ ઈન્સ.શ્રી કે.ડી.હડીયા
(૩) હે.કો.મયુરસિંહ ધર્મેંદ્રસિહ બ.નં.૬૫૪૪
(૪) પો.કો.નરેંદ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫
(૫) લોકરક્ષક જયદીપસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૧૬૦૮
(૬) લોકરક્ષક ભરતભાઈ રાહતભાઈ બ.નં.૧૨૨૩૮
(૭) લોકરક્ષક રાણાભાઈ લક્ષ્મણભાઈ બ.નં.૧૨૨૩૯



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ દશરથભાઇ દાજીભાઇ રબારી (ઉ.વ.૩૭) (રહે. ગોપાલનગર ગોતા ગામ ગોતા) તા.૦૨/૦૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ગોતા-ઓગણજ રોડ રાજપુત ભવનની સામે શેલ પેટ્રોલ પંપ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસપ્રેસો ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૧૮ બીએલ ૩૮૫૮ માં આવેલ બે પુરૂષ દશરથભાઈ પાસે આવી પૈસાની માંગણી કરી ગડદાપાટુનો માર મારી દશરથભાઈ પાસેથી રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- અને પેન્ટના ખિસામાંથી મોબાઇલ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- લુંટ કરી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દશરથભાઈ રબારીએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુંટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૩/૨૦૨૨**

બાપુનગરઃ સીમરન અનીલકુમાર મકવાણા (ઉ.વ.૨૧) (રહે. કવીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે સીમરન મકવાણા અને તેમના પિતા અનીલકુમાર મકવાણા બાપુનગર પટેલવાડીથી આગળ પરફેક્ટ ગારમેન્ટ શોપ નામની દુકાન આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સીમરન મકવાણાના પિતા અનીલકુમાર મકવાણાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૪/૨૦૨૨**

ઘાટલોડીયાઃ મેમનગર સુભાષચોક હનુમાનજી મંદીર પાસે સંસ્કૃત ગેલેરીયાસ સાઇડ ઉપર મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા રતનલાલ રૂપાભાઇ ઓજત (ઉ.વ.૨૯) (મુળ વતન. છાળ તા. બિચ્છુવાડા ડુંગરપુર રાજસ્થાન) તા.૨૮/૧૨/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સંસ્કૃત ગેલેરીયાસ સાઇડ ઉપર સીડી ચડતા હતા ત્યારે પગ લપસી જતા પડી થતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

નારણપુરાઃ નારણપુરા અર્જુન ગ્રીન્સ સામે અર્જુન પેરેડાઇઝ સાઈટ ઉપર મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા કમલાશંકર સ/ઓ પુજાભાઇ ડામોર (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ-શેરવાલા તા.આનંદી બાંસવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૨ કલાક ૭/૩૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન અર્જુન પેરેડાઈઝ ડી-બ્લોક બેઝમેન્ટ-૦૧ ખાતે પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમુલભાઇ પ્રેમજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૫/૨૦૨૨**

અમરાઇવાડીઃ અમિતકુમાર જગદીશભાઇ છાસીયા (ઉ.વ.૨૫) (રહે. ન્યુ જય ભવાનીનગર પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

નારોલઃ સલમાન ગુલામઅલી મન્સુરી (ઉ.વ.૨૬) (રહે. બાગે કૌશર સોસાયટી બાગે કૌશર મસ્જીદની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઓછરીના ભાગે સળીયા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.